# ભાવનગર મહાનગરપાલિકા

## કાર્યપાલક ઈજનેર (સીવીલ) (વર્ગ–૧) અને નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ) (વર્ગ–૨) [જા.ક. BMC/202122/4 ] ના ઉમેદવારો જોગ જાહેર નોટીસ

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા સંવર્ગની ખાલી પડેલ જગાઓ ભરવા માટે જાહેર ખબર પ્રસિધ્ધ કરી ઓનલાઈન ભરતી બહાર પાડવામાં આવેલ. જુદા જુદા કુલ–૧૦ સંવર્ગોની તા.૨૬/૯/૨૦૨૧, રવિવારના રોજ ભાવનગર ખાતે વિવિધ પરીક્ષા કેન્દ્રોમાં લેખીત પરીક્ષા લેવાયેલ હતી. તેમજ તે જ દિવસે તમામ સંવર્ગની પ્રોવિઝનલ આન્સર કી મહાનગરપાલિકાની અને ઓજસની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. આ તમામ સંવર્ગોમાં નિયત સમયમર્યાદામાં રજુ થયેલ વાંધા–સુચનો ધ્યાને લીધા બાદ પસંદગી સમિતિ દ્વારા થયેલ નિર્ણયાનુસાર તમામ સંવર્ગની ફાઈનલ આન્સર કી તથા તે મુજબના જનરલ મેરીટ લીસ્ટ (પરીક્ષામાં હાજર રહેલ તમામ ઉમેદવારોના ગુણ દર્શાવતું ) પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું.

જુદા જુદા સંવર્ગો પૈકી કાર્યપાલક ઈજનેર (સીવીલ) (વર્ગ–૧) અને નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ) (વર્ગ–૨) ( જા.ક. BMC/202122/4 ) સંવર્ગની તા.૨૦/૧૧/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ કરાયેલ ફાઈનલ આન્સર કી માં ૪ પ્રશ્નો રદ કરેલ તેમજ ૪ પ્રશ્નોના જવાબમાં ફેરફાર કરેલ. આમ ફાઈનલ આન્સર કીમા કુલ–૮ પ્રશ્નોમા ફેરફાર કરાયેલ હતો. અને તે મુજબનું જનરલ મેરીટ લીસ્ટ પણ પ્રસિધ્ધ કરાયેલ હતું. પરંતુ મહાનગરપાલિકા દ્વારા પ્રસિધ્ધ કરાયેલ ઉકત સંવર્ગના પ્રશ્નપત્ર સીરીઝ 'એ' ના પ્રશ્ન નં.૫૪ ના જવાબમાં પ્રોવિઝનલ આન્સર કી માં દર્શાવેલ 'ડી' વિકલ્પ કે જે સાચો જવાબ છે તેના બદલે ફાઈનલ આન્સર કીમા વિકલ્પ 'બી' ટાઈપ થયેલ છે. આ ક્ષતી મહાનગરપાલિકાના ધ્યાને આવતા, પ્રશ્ન પત્ર સીરીઝ 'એ' ના પ્રશ્ન નં.૫૪ નો પ્રશ્ન અને જવાબ અન્ય પ્રશ્નપત્ર સીરીઝ 'બી', 'સી' અને 'ડી' માં અનુક્રમે પ્રશ્ન નં.૨૮, ૨૩ અને ૫૭ પર આવેલ, તેના સાચા જવાબ વેરીફાઈ કરતા ઉકત પ્રશ્નોનો સાચો જવાબ પ્રોવિઝનલ આન્સર કી અને ફાઈનલ આન્સર કી બંનેમાં વિકલ્પ 'ડી' દર્શાવેલ છે.આથી ફાઈનલ આન્સર કીમા પ્રશ્નપત્ર સીરીઝ 'એ' ના પ્રશ્ન નં.૫૪ ના સાચા જવાબના વિકલ્પમાં ટાઈપીંગ એરર રહેલ હોવાનું માલુમ પડેલ છે.

સબબ ઉપરોકત તમામ વિગતો ધ્યાને લીધા બાદ પ્રશ્નપત્ર સીરીઝ 'એ' ના પ્રશ્ન નં.૫૪ નો સાચો જવાબ વિકલ્પ 'ડી' હોઈ, ફાઈનલ આન્સર કી માં થયેલ ટાઈપીંગ એરરથી આ પ્રશ્નના જવાબમાં લખાયેલ વિકલ્પ 'બી' ના બદલે વિકલ્પ 'ડી' કે જે સાચો જવાબ છે તે મુજબ સુધારો કરવામાં આવે છે. ઉકત સુધારા મુજબની રીવાઈજડ ફાઈનલ આન્સર કી તેમજ તે મુજબનું જનરલ મેરીટ લીસ્ટ ભાવનગર મહાનગરપાલિકા અને ઓજસની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આથી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા અગાઉ તા.૨૦/૧૧/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ કરાયેલ કાર્યપાલક ઈજનેર (સીવીલ) (વર્ગ–૧) અને નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ) (વર્ગ–૨) ( જા.ક. BMC/202122/4 ) સંવર્ગની ક્ષતિયુકત ફાઈનલ આન્સર કી તેમજ તે મુજબ તૈયાર કરાયેલ જનરલ મેરીટ લીસ્ટ બંને રદબાતલ જાહેર કરવામાં આવે છે. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

આથી કાર્યપાલક ઈજનેર (સીવીલ) (વર્ગ–૧) અને નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ) (વર્ગ–૨) ( જા.ક. BMC/202122/4)સંવર્ગની ભરતી પ્રક્રિયાની આગળની કાર્યવાહી આજ તા.૧૫/૧૨/૨૦૨૧ રોજ મહાનગરપાલિકાની અને ઓજસની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરેલ જનરલ મેરીટ લીસ્ટના આધારે હાથ ધરવામાં આવશે, જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.